વિષય : મોજે.લખાવાડપાર્ટી, નડીઆદના સ.નં. ૧૨૨૭/૧, ૧૨૨૭/૨, ૧૨૨૭/૩ જેનો સીટીસર્વે નં.એન.એ.૧૨૨૭ ના કુલ ક્ષેત્રફળ ૧૧૧૨૮ ચો.મી. પૈકી પ્લોટ નં.૧ ના કુલ ક્ષેત્રફળ ૮૭૩.૦૩ ચો.મી. વાળી જમીનની રહેણાંક હેતુ માટે આપેલ પવાનગીના બદલે વાણિજય હેતુ માટે ઉપયોગ કરવા હેતુફેરની મંજૂરી આપવા બાબત.

**ખેડા જિલ્લા કલેક્ટર કચેરી, નડીઆદ**

**હુકમ ક્રમાંક : ગણત/જસુ-૩/લખાવાડપાર્ટી/ગ.ધા.ક.-૪૩/હેતુફેર પરવાનગી/વશી/ ૯૪૮૩ થી ૯૪૮૭ /૨૧**

**તા.૨૮/૦૫/૨૦૨૧**

**વંચાણમાં લીધા :**

૧. ડેપ્યુટી કલેકટરશ્રી, નડીઆદના હુકમ નં.ટીએનસી/પરવાનગી/એસ.આર./વશી/૨૧ થી ૨૨, તા.૦૯/૦૧/૧૯૮૪

૨. અરજદારશ્રી શક્તિ એસીસીએટસ નડીઆદના ભાગીદારો શ્રી નિશીતકુમાર સંજયભાઇ પટેલ વિગેરે, રહે.શ્યામલ સોસાયટી, કિસન સમોસાનો ખાંચો, કોલેજ રોડ, નડીઆદની તા.૩૧/૦૩/૨૦૨૧ ની અરજી.

૩. સીટીસર્વે સુપ્રિટેન્ડન્ટશ્રી, નડીઆદના પત્ર નં.સીટીએસ/વશી/૧૧૪/૨૦૨૦, તા.૧૬/૧૨/૨૦૨૦

૪. નાયબ કલેકટરશ્રી, નડીઆદના પત્ર નં.જમન/રીવાઇઝ/એન.એ./વશી/૩૦/૨૦૨૧ તા.૦૬/૦૧/૨૦૨૧

૫. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : એસ.ટી.પી./૧૨૨૦૯/૭૬૯/હ-૧ તા.૩૧/૩/૨૦૧૧ તેમજ ઠરાવ ક્રમાંક : એસ.ટી.પી./૧૨૨૦૯/૮૫૪/૧૧/હ-૧ તા.૧૮/૪/૨૦૧૧ અન્વયેની જોગવાઇઓ

૬. સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ-૨) તા.૩/૫/૨૦૧૧

**પ્રસ્તાવના :**

વંચાણ (૧) માં દર્શાવેલ ડેપ્યુટી કલેકટરશ્રી, નડીઆદના હુકમથી મોજે.લખાવાડપાર્ટી, નડીઆદના સ.નં. ૧૨૨૭/૧, ૧૨૨૭/૨, ૧૨૨૭/૩ જેનો સીટીસર્વે નં.એન.એ.૧૨૨૭ ના કુલ ક્ષેત્રફળ ૧૧૧૨૮ ચો.મી. જમીનની રહેણાંક હેતુ માટે શરતફેરની ગ.ધા.ક.૪૩ ની પરવાનગી આપવામાં આવેલ છે. ત્યારબાદ માન.કલેકટર સાહેબના હુકમ નં.એલ.એન.ડી/એન.એ./એસ.આર./૮૮/૮૩-૮૪, તા.૦૯/૦૪/૧૯૮૪ થી સવાલવાળી જમીનની બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે.

અરજદારશ્રીએ વંચાણ(૨)ની અરજીથી સવાલવાળી જમીનની બિનખેતી વાણિજ્ય હેતુ માટે ઉપયોગ કરવાનો હોઇ હેતુફેરની મંજૂરી માટે રજૂઆત કરેલ છે.

વંચાણ(૩) અને (૪) થી સીટીસર્વે સુપ્રિટેન્ડન્ટશ્રી, નડીઆદ તથા નાયબ કલેકટરશ્રી, નડીઆદએ વાણિજય હેતુ માટે ઉપયોગ કરવા હેતુફેર કરી આપવા હકારાત્મક અભિપ્રાય પાઠવેલ છે.

અરજદારશ્રીએ તેઓની અરજી નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર, નડીઆદના પત્ર નં.ક્રમાંક/સ્ટેમ્પ/જંત્રી/૨૩૨, તા.૦૧/૦૪/૨૦૨૧ નો પત્ર રજૂ કરેલ છે. જેમાં સદર સર્વે નંબરનો ખુલ્લા પ્લોટનો ભાવ પ્રતિ ચો.મી. રૂા.૨૨૦૦/- નક્કી કરી આપેલ છે. જે ધ્યાને લઇ ગણતરી કરતાં ૧૦૦ ટકા બજાર કિંમત ₹.૧૯,૨૦,૬૬૬/- થાય છે તેના ૪૦ ટકા લેખે પ્રિમિયમની રકમ ₹.૭,૬૮,૨૬૬/- પ્રિમીયમ વસુલ લેવાપાત્ર બને છે.

પ્રકરણે મળેલ અભિપ્રાય તથા સાધનિક કાગળોની વિગતો ધ્યાને લઇ, અરજદારશ્રીની અરજીનો સૈદ્ધાંતિક સ્વીકાર કરી અત્રેના પત્ર નં.ગણત/જસુ-૩/હેતુફેર/વશી/૧૪૦૮/૨૦૨૧, તા.૨૧/૦૫/૨૦૨૧ થી દિન-૨૧ માં પ્રિમિયમની રકમ ભરપાઇ કરવા જાણ કરેલ છે. અરજદારશ્રીએ તા.૨૪/૦૫/૨૦૨૧ ના રોજ પ્રિમિયમની રકમ **₹.૭,૬૮,૨૬૬/-** ચલનથી '૦૦૨૯ જમીન મહેસુલ' સદરે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા, નડીઆદ શાખામાં ચલનથી જમા કરાવેલ છે. જે જમા કરાવેલ અસલ ચલનની ઓનલાઇન ખરાઇ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લઇ અરજદારશ્રીની રજૂઆત પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ :-**

મોજે.લખાવાડપાર્ટી, નડીઆદના સ.નં. ૧૨૨૭/૧, ૧૨૨૭/૨, ૧૨૨૭/૩ જેનો સીટીસર્વે નં.એન.એ.૧૨૨૭ ના કુલ ક્ષેત્રફળ ૧૧૧૨૮ ચો.મી. પૈકી પ્લોટ નં.૧ ના કુલ ક્ષેત્રફળ ૮૭૩.૦૩ ચો.મી. વાળી જમીન માટે ડેપ્યુટી કલેકટરશ્રી, નડીઆદના હુકમ નં.ટીએનસી/પરવાનગી/એસ.આર./વશી/૨૧ થી ૨૨, તા.૦૯/૦૧/૧૯૮૪ થી રહેણાંક હેતુ માટે ઉપયોગ કરવા પરવાનગી આપવામાં આવેલ જેના બદલે વાણિજય હેતુ માટે ઉપયોગ કરવા હેતુફેરની પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

ડેપ્યુટી કલેકટરશ્રી, નડીઆદના તા.૦૯/૦૧/૧૯૮૪ ના હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમની નોંધ ગામ દફ્તરે કરવી.

કલેકટર ખેડા - નડીઆદ

**(આઇ કે. પટેલ)**
**કલેકટર**
**ખેડા-નડીઆદ**

પ્રતિ,
શ્રી શક્તિ એસીસીએટસ નડીઆદના ભાગીદારો
શ્રી નિશીતકુમાર સંજયભાઇ પટેલ વિગેરે,
રહે.શ્યામલ સોસાયટી, કિસન સમોસાનો ખાંચો,
કોલેજ રોડ, નડીઆદ

**નકલ જયભારત સહ રવાના :** નાયબ કલેકટરશ્રી, નડીઆદ તરફ જાણ સારુ.

**નકલ રવાના:** મામલતદારશ્રી, નડીઆદ(શહેર) તરફ જાણ સારુ.

**નકલ રવાના :** નાયબ મામલતદારશ્રી, ઇ-ધરા, મામલતદાર કચેરી, નડીઆદ(શહેર) તરફ હુકમ અંગે ગામના નમુના નં. ૬ માં નોંધ કરી તે ફેરફાર નોંધની નકલ અત્રે મોકલવા સારુ.

**સિલેકટ ફાઇલ**

# નડીઆદ નગરપાલિકા

પ્રમુખશ્રી : ૦૨૬૮–૨૫૫૦૨૧૭
નગરપાલિકા કચેરી : ૦૨૬૮–૨૫૫ ૧૩૭૬/૭૭
ફેકસ નં. : ૦૨૬૮– ૨૫૫૧૩૭૮
ઈ.મેલ:nadiadmunicipality@yahoo.com
વેબ સાઈટ : www.nadiadmunicipality.com

પો.બો.નં. ૮
નગરપાલિકા કચેરી
સરદાર ઉદ્યાન
નડીઆદ–૩૮૭૦૦૧.
જી.ખેડા

જાવક નં. NFB/110/28/7/21

તા૨૮/૦૭/૨૦૨૧

પ્રતિ,
શકિત એસોસીએટસના ભાગીદારો,
રહે.શ્યામલ સોસાયટી, કીશન સમોસાનો ખાંચો,
કોલેજ રોડ, નડીઆદ.

વિષય : નકશા પર ફાયર સેફટીનો અભિપ્રાય આપવા બાબત.
સંદર્ભ : આપની ઈ.નં. ૩૨૧૭ તા. ૨૦/૦૭/૨૦૨૧ ની નકશા સહીતની ફાઈલ

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શીત અરજી અન્વયે જણાવવાનું કે, આપની ઈ.નં. ૩૨૧૭ તા. ૨૦/૦૭/૨૧ ની રે.સ.નં. ૧૨૨૭/૧,૧૨૨૭/૨,૧૨૨૭/૩ ના સબ પ્લોટ નં. ૦૧,સી.સ.નં.૧૨૨૭ માં ગ્રાઉન્ડ તથા ચાર માળનું કોમ્પલેક્ષ રહેણાંક/કોમર્શીયલ બાંધકામ હેતુ માટે આપના ધ્વારા ફાયરબ્રિગેડ વિભાગનો અભિપ્રાય માંગવામાં આવેલ. જે અન્વયે અમારા અભિપ્રાય મુજબ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ અમલીકરણ કરવાનું રહેશે તેમજ ગુજરાત સરકારશ્રીના શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૧/૦૭/૨૦૧૮ નોટીફીકેશન મુજબ ફાયર સીસ્ટમ લગાવવાની રહેશે અને નીચેના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.

(૧) ઈમારતમાં નિયમ મુજબની સંપૂર્ણ ફીક્સ ફાયર ફાયટીંગ સીસ્ટમ કરવાની રહેશે અને ડીટેકશન, ફાયર એલાર્મ સીસ્ટમ તેમજ સ્પ્રીન્કલર સીસ્ટમ લગાવવાની રહેશે તેમજ પુરતા પ્રમાણમાં ઈમરજન્સી એક્ઝીટ અને વેન્ટીલેશન રાખવાની રહેશે તેમજ પંપહાઉસમાં જોકી પંપ,મેઈન ઈલેક્ટ્રીક પંપ અને ડીઝલ પંપ લગાવવાના રહેશે.

(૨) હોઝરીલ અડચણરહીત સૌથી દુરના સ્થાન સુધી સરળતાથી પહોંચે તે મુજબની લગાવવાની રહેશે.

(૩) અલગ અલગ જગ્યાએ ફાયર એક્સ્ટીગ્યુસરો પુરતા પ્રમાણમાં રાખવાના રહેશે તેમજ ઈલેક્ટ્રીક કેબલોમાં ફાયર પેસીવ સીસ્ટમ કરવાની રહેશે.

(૪) નિયમ મુજબ ઈમારતમાં ચારેબાજું ફાયરનું મોટુ વાહન ફરી શકે તે મુજબના પાકા રોડ બનાવવાનો રહેશે.

(૫) સરકારશ્રી લગત સત્તામંડળ અને સક્ષમ અધિકારીઓ ધ્વારા કરવામાં આવેલ લગત તમામ નિયમો, દિશા નિર્દેશો અને કાયદા મુજબ ફાયર સેફટીનું પાલન કરવાનું રહેશે. વધુમાં અન્ય કોઈ જોખમ જણાશે તો ફાયર અધિકારીની સૂચના મુજબ કામ કરવાનું રહેશે.

(૬) ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ કાયદા કલમ ૧૨ હેઠળ ફાયર સેફટી ઓફીસર રાખવાના રહેશે.

(૭) ઈમારતમાં અગર ગ્લાસ ફસાડ વાપરવામાં આવ્યા હોય તો તે તમામ ફીક્સ ન રાખતા ઓપનબેલ્ટ લગાવવાના રહેશે.

(૮) આ ઉપરાંત ફાયર ઓફીસરની દરેક સૂચનાનું પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત સૂચનો અને આપેલ નકશામાં જણાવ્યા મુજબના રેખાચિત્રોનું અને સદર પત્રમાં જણાવ્યા મુજબ પાલન કરવાની શરતે સદર અભિપ્રાય આપવામાં આવે છે.

ફાયર સુપ્રિન્ટેન્ડન્ટ
ફાયરબ્રિગેડ વિભાગ
નડીઆદ.